તા:૨૯.૧૦.૨૦૨૧

અગત્યની સૂચના :

પો.સ.ઇ. કેડર માટે જે ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરેલ છે, તેઓ લોકરક્ષક કેડરમાં ઓનલાઇન અરજી કરવા માંગતા હોય તો લોકરક્ષક કેડરની જાહેરાત મુજબ ઓનલાઇન અરજી કરવાની રહેશે (પો.સ.ઇ. કેડર અને લોકરક્ષક કેડરની અલગ અલગ ઓનલાઇન અરજી કરવાની રહેશે.)

પો.સ.ઇ. કેડર અને લોકરક્ષક કેડરની શારીરિક કસોટી એક સાથે જ યોજાનાર છે અને જે ઉમેદવારોએ પો.સ.ઇ. કેડર તથા લોકરક્ષક કેડર બંને માટે અરજી કરેલ છે તેવા ઉમેદવારને ભરતી બોર્ડ નકકી કરે તે દિવસે એક જ વાર શારીરિક કસોટી આપવાની રહેશે.

શારીરિક કસોટીમાં જે ઉમેદવારો દોડમાં લીધેલ સમયના આધારે તેઓને પો.સ.ઇ. માટે ૫૦ ગુણમાંથી અને લોકરક્ષક માટે ૨૫ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

પુરૂષો માટે પો.સ.ઇ. તથા લોકરક્ષક માટેના શારીરિક માપ કસોટીના ધોરણો એકસરખા છે. જયારે મહિલાઓ માટે પો.સ.ઇ. તથા લોકરક્ષકના શારીરિક કસોટીના ધોરણો અલગ અલગ છે. જેના આધારે તેઓની શારીરિક માપ કસોટી લેવામાં આવશે.

લોકરક્ષક માટેની શારીરિક કસોટી તથા શારીરિક માપ કસોટીમાં ઉત્તિર્ણ થનાર ઉમેદવારો લોકરક્ષક માટેની આગળની પ્રક્રિયામાં ભાગ લેશે.

પો.સ.ઇ. માટેની શારીરિક કસોટી તથા શારીરિક માપ કસોટીમાં ઉત્તિર્ણ થનાર ઉમેદવારો પો.સ.ઇ. માટેની આગળની પ્રક્રિયામાં ભાગ લેશે.

પો.સ.ઇ. તથા લોકરક્ષક બંનેની શારીરિક કસોટી તથા શારીરિક માપ કસોટીમાં ઉત્તિર્ણ થનાર ઉમેદવારો બંનેમાં આગળની પ્રક્રિયામાં ભાગ લઇ શકશે.

(હસમુખ પટેલ)
અધ્યક્ષ
લોકરક્ષક ભરતી બોર્ડ-૨૦૨૧
ગાંધીનગર